प्रचार प्रसार
जागृत उपभोक्ता

॥ सनातन परमो धर्म ॥

સનાતન ધર્મ પત્રિકા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
This edition is for internal circulation of members of ABKKP Social Association
SOCIAL MEDIA VIE ONLY

સ્વ-સ્વરૂપ સ્વ-ધર્મ

સં.-૨૦૮૦ | માગશર સુદ-૧૩ | તા.૨૪-૧૨-૨૦૨૩ | રવિવાર | SDP No.: 1338

MOB.:+91 7801877774, +91 7718977774 | ankasantadharmpatrika@gmail.com

ઉત્તર ગુજરાત રીજીયન કારોબારી સભા વિસનગર માં આયોજન

ઉત્તર ગુજરાત રીજીયન યુવાસંઘ કારોબારી સભા
વિસનગર માં આયોજન

ગઈ તારીખ 21/12/2023 ના રોજ સાંજે ૩ વાગે વિસનગર ની ખી.ડીયાર હોટેલ ખાતે વિસનગર (ક) યુવા મંડળ ની યુવાનો ની ઉત્તર ગુજરાત રીજીયન ની કારોબારી સભા નું આયોજન કરવામાં આવેલ હતું.

સભાની શરૂઆત માં પ્રવક્તા વિજેશ ભાવાણી દ્વારા સ્થાન મહાત્મ કરવામાં આવ્યું હતું. રીજીયન ચેરમેન ધનશ્યામ ઝાલીયા, આઈ.પી.પી. મહાસંઘ પોકાર, સંઘ સેક્રેટરી કમલેશ વાગડીયા, મિશન ચેરમેન મુકેશ પોકાર, જોઇન્ટ સેક્રેટરી નવીન છાભૈયા, ટ્રેઝરર પુલક કાકરીયા, ઉત્તિરાન ચેરમેન વિજય જીજુવાળી, નીતેશ પોકાર તથા અન્યત હળપાણી, વિસનગર (ક) સમાજ ના પ્રમુખ પૂરુષોત્તમભાઈ અને વિસનગર યુવક મંડળ ના પ્રમુખ વિનોદ રૂડાણી મંચ ઉપર ઉપસ્થિત રહયા હતા.

ત્યારબાદ મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.ત્યારબાદ વિસનગર યુવા મંડળ ના મંત્રી દીપક લીંબાણી એ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત તમુને લાગણી પૂર્વક આવકાર નાં શબ્દો નાં ભાવ થી આવકાર્યા હતા. ત્યારબાદ એમિલાન વિભાગ ના સેક્રેટરી અક્ષય સાંભલા દ્વારા મિનિટ્સ નું વાંચન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ યુવાસાગર વિભાગના સેક્રેટરી દિલેશ રૂડાણીએ વુમન બિઝનેસ એકસપો ની હિસાબ રજૂ કર્યો હતી. ટ્રેઝરર વિપુલ કાકરીયા એ જનરલ હિસાબ તથા ઇઓઇ કાર્નિવલ અને કાર્યશાળાનો હિસાબ સભામાં રજૂ કર્યો હતો. જોઇન્ટ સેક્રેટરી નવીન છાભૈયાએ વર્ષ 2024 ના કેલેન્ડર પ્રોજેક્ટ ની માહિતી આપી હતી.

રીજીયન આઈ.પી.પી. તથા નર્મદા કાઠનિલ સેક્રેટરી ચંદ્રકાંત પોકાર દ્વારા સેન્ટ્રલ યુવાસંઘ ની ગતિવિધિનો અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ મિશન ચેરમેન મુકેશ પોકારએ સમીતી લીડરને પ્રોત્સાહન આપી બાકા પોતાના કાર્ય ની સમીક્ષા અને રજૂઆત કરવા માટે બોલાવી હતા અને સમીતી મિશન લીડર દ્વારા પોતાની સમિતિઓની કાર્યવાહી નો અહેવાલ રજૂ કરવામાં આવી હતો.

ત્યારબાદ ખુલ્લા મંચ માં ઉપસ્થિત કારોબારી સભ્યોએ પોત પોતાના વિચારો રજૂ કર્યા હતા. ખુલ્લા મંચ માં ૫૩ પ્રોજેના ને લઈ સુચારૂ બનાવવા માટે ના સૂચનો આવ્યા હતા. ત્યારબાદ વિભાગીય પ્રમુખ નીતિશ પોકાર એ સંઘર્ષ યાત્રાનુ આયોજન કરવાનુ જણાવ્યું હતુ. વિજય જીજુવાળી અને અમિત હળપાણી એ પણ સંઘકાર્ય અગાઉ વધારવા પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વિસનગર સમાજ ના પ્રમુખશ્રી પૂરુષોત્તમભાઈ એ યુવાસંઘ ના રીજીયન દ્વારા થઈ રહેલ કાર્યો ને બિરદાવ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ રીજીયન ચેરમેન ધનશ્યામ ઝાલીયા એ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

ત્યારબાદ નીશ સેક્રેટરી કમલેશ વાગડીયા એ આભારવિધિ કરી હતી. કારોબારી સભાના સંદુર આયોજન માટે વિસનગર (ક) યુવા મંડળ નો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ ના અંતે વંદે માતરમ્ રાષ્ટ્ર ગીત ગાઈ કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. પછી બધા સભાજનો એ સાથે મળી સ્વાદિષ્ટ ડિનર નો આનંદ માણ્યો હતો.

સંપર્ક સૂત્ર
ઉત્તર ગુજરાત રીજીયન યુવાસંઘ

અહેવાલ : વિજેશ ભાવાણીપ્રચારક્તા UGR

દક્ષિણ ભારતના પ્રથમ ઉમિયા માતાજી મંદિરની મુલાકાત લેતાં કેંદ્રીય સમાજના ઉપપ્રમુખ રાજેશભાઈ દિવાણી

દક્ષિણ ભારતના પ્રથમ ઉમિયા માતાજી મંદિરની મુલાકાત લેતાં
કેંદ્રીય સમાજના ઉપપ્રમુખ રાજેશભાઈ દિવાણી

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (હૈદરાબાદ-સિકંદરાબાદ) દ્વારા શ્રી ઉમિયા માતાજી મંદિર, પુદુર, મેડચલ ન્યુ નિર્માણ કાર્ય પ્રાપ્ત પ્રતિષ્ઠા મહોત્સવ પહેલાં પૂરી રીતે તૈયાર કરવા માટે પૂરા જોશથી નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

આ દિવસો દરમિયાન હૈદરાબાદ પધારેલ કેંદ્રીય સમાજના ઉપપ્રમુખ રાજેશભાઈ મેઘજી દિવાણી અને તેમની સાથે મનોજભાઈ મેઘજી દિવાણી, રસિકભાઈ અજુંન દિવાણીએ તા ૩જીનાર 23 ડિસેમ્બરના રોજ સવારના નિર્માણાધીન સ્થળ પર રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમની સાથે સ્થાનિક સમાજના સભ્ય હિંમતભાઈ લીંબાણી અને અમૃતભાઈ છાભૈયા પણ સાથે પધારેલ હતાં.

તેમના સ્વાગત સત્કારમાં હૈદરાબાદ-સિકંદરાબાદ સમાજ ના પ્રમુખ શ્રી તરીકે હોદ્દા સંભાળનાર એવા માનનીય શ્રી કાંતિલાલ ગોરાણી ઉપસ્થિત રહ્યા હતાં.તેઓ સાથે રહી આ આધ્યાત્મિક સ્થળ પર આવિષ્કૃત સુવિધા સાથે સર્વિસ ટાઈપ ગૃહ પણ બની રહેલ છે, તેનાથી માહિતગાર કરાવેલ અને સાથે રહી પરિસર નું ભ્રમણ કરાવેલ હતું.

આ મુલાકાતમાં કાંતિભાઈ ગોરાણી સાથે રહી નવી પેઢી માટે આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સમાજિક સમાજનો આ મેગા પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ વરસામાં શ્રી ઉમિયા માતાજી નું મંદિર અને અતિથિ ગૃહનું કામ પૂર્ણતાના આરે છે.

આગામી 13 - 14 અને 15 એપ્રિલ 2024નાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ પણ રૂડી રીતે ઊપડી છે. સુવિશેષ મહિતી અર્થે સમાજના ભવિષ્ય માટે આ સ્થળ આધ્યાત્મિક કેંદ્ર બની રહેશે અને ભવિષ્યમાં સમાજ ઉપયોગી સાબિત થાય એવા ઉંચ વિચાર થી દ્વિતીય વરસથી રીસોર્ટ જેવી વ્યવસ્થા હાથ ધરવામાં આવશે જેથી આ સ્થળ પર વિશાળ લગ્ન મંડપ તેમજ વિશાળ ભોજન કક્ષ અને નાના બાળકો માટે બાલ વાટિકા તેમજ ગૌશાળા સાથે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા બનાવવામાં આવશે.

આ પ્રસંગે કેંદ્રીય સમાજના ઉપપ્રમુખ રાજેશભાઈ દિવાણીએ આવી સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે તે જોઈ તેઓ આનંદની લાગણી વ્યક્ત કરી સ્થાનિક સમાજની પ્રશંસા કરેલ હતી.

આવી સુંદર અને સમાજ ઉપયોગી સુવિધા ઉભી કરવું તો નવી પેઢી જુદર મંદિરની મુલાકાત લેશે.આ પ્રસંગે સ્થાનિક સમાજના પ્રમુખ કાંતિલાલ ગોરાણીએ કેંદ્રીય સમાજના ઉપપ્રમુખ રાજેશભાઈ દિવાણીને સ્મૃતિ ચિહ્ન સાથે શાલ ઓઢી સન્માન કર્યું હતાં.

સંપર્ક સૂત્ર
કેંદ્રીય સમાજ

સંયોજક : જસવંત સુરાણી, સિકંદરાબાદ

પરંપરાગત પોશાક સાડી..

મૌર્ય યુગ સુધી સ્ત્રીઓને સાડી પહેરતા આવડતી નહતી...

વિશ્વભરમાં ફેશના રાષ્ટ્રીય પરિધાન સાડીની અલગ છબી તરી આવે તે હેતુથી ૨૫ ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય સાડી દિવસ ઉજવાય છે.

ભારતીય સંસ્કૃતિમાં નારીના શીંદર્ય, સંયમ, લજ્જા અને જાજરમાન દેખાવનું પ્રતીક એટલે 'સાડી' સાડી જ એક એવું પરિધાન છે જે અનેક પેઢીઓ સુધી વારસાગત રીતે આપવામાં આવે છે. સામાન્ય સ્ત્રીને પણ જાજરમાન બનાવતું પરિધાન એટલે સાડી. જે આજની યુવા પેઢીમા લીલ્લો વિકલ્પ બની ગયો છે. વિશ્વભરમાં દેશના રાષ્ટ્રીય પરિધાન સાડીની અલગ છબી તરી આવે તે હેતુથી ૨૫ ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય સાડી દિવસ ઉજવાય છે. સાડી (સંસ્કૃત વિકલ્પોમાં સારી પણ કહેવામાં આવે છે) ભારતીય મહિલાઓનો મુખ્ય પહેરવેશ છે.

સાડી કલાવ વિષમાંગ સીધી લંબ લંબાઇ ધરાવતા તથા પુરાણા પરિધાનોમાંથી એક ગણાય છે. સાડી લગભગ ૫ થી ૬ મીટર લંબાઈ ધરાવતો સીવવા વગરનો કાપડનો એક ટુકડો હોય છે, જે સાડી પહેરવા માટેની જુદા જાતની અલગ અલગ રીતો હોય છે. જે ભૌગોલિક સ્થિતિ તથા પરંપરાગત મૂલ્યો અને રૂચિઓ પર નિર્ભર કરે છે.

અલગ-અલગ શૈલીની સાડીઓમાં કાંજીવરમ સાડી, બનારસી સાડી, પટોળા સાડી અને હકોબા મુખ્ય હોય છે. મધ્ય પ્રદેશની ચંદેરી, મહેશ્વરી, મધુબની છપાઈ, આસામની મૂગા રેશમ, ઓરિસ્સાની બોમકઈ, રાજસ્થાનની બંધેજ, ગુજરાતની ગઢોડા, પટોળા, બાંધણી, બિહારની ટસર અને કાથા, છત્તીસગઢની કોસા મલિક્ષ સાડીઓ છે. સાડી જ એક એવું પરિધાન છે અનેક જે પેઢીઓ સુધી વારસાગત રીતે આપવામાં આવે છે.

વડોદરાના સાહિત્યકાર પરિવારના રાકિશા રાજે પાસે અત્યે પણ ૬૦ વર્ષ જૂની ટિસ્યુ સાડીઓ છે. તાજેતરમાં જ ઈશા અંબાણીએ પોતાના લગ્નના પોષાકમાં તેની માતા નીતા અંબાણીનું ૩૫ વર્ષ જૂન પાનેતર પહેર્યું હતું.

કોર્પોરેટ કંપનીમાં સાડી પહેરીને જ કામ કરનાર દિયા દ્રમેચ જણાવ્યું કે, સાડી એક એવું પરિધાન છે જેમાં સ્ત્રીઓની જુદુર પડતી નથી અને ફક્ત એક ગાંઠથી શરીર પર લીંટાળી શકો છો...

સાડીનો ઈતિહાસ ૩૦ હજાર વર્ષ જુનો છે. પ્રાચીન સમયમાં સાડી સંસ્કૃત શબ્દ સતીના નામે ઓળખાતી હતી .ત્યારબાદ અપભ્રંશ થઈને સાડી અને હવે સાડી તરીકે ઓળખાય છે. મૌર્ય યુગ સુધી સ્ત્રીઓને સાડી પહેરતા આવડતી નહોતી તેઓ ધોતીની જેમ વિંટાળીને પહેરતી હતી.

જૈના ઉદાહરણ આજે પણ અજંતા-ઈલોરાની ગુફાના ચિત્રોમાં જોવા મળે છે. ફક્ત સ્ત્રીઓ જ નહીં પરંતુ પુરૂષો પણ સાડીઓનો વિવિધ રીતે ઉપયોગ કરતા હતા. જેમકે, મૂઘલો બનારસ સાડીના સાફા માથા પર બાંધતા તો હિંદુ રાજાઓ રાણીઓની સાડીમાંથી બનાવેલા ખેસ પોતાના ખભા પર રાખતા હતા. પેશ્વાઓ બનારસી સાડીઓની ધોતી પહેરતા હતા.

રાજપૂત રાણીઓએ શિક્ષેનની સાડીઓને પ્રચલિત બનાવી છે. આજે પણ પણ એવા કેવો જેવા કે, શિક્ષણ, કેરટેકર, એર હોસ્ટેસ, જ્વેલરી શો રૂમ, હોસ્પિટલો જેમાં મહિલાઓ મોટેભાગે સાડી પહેરીને કલાકો સુધી કામ કરે છે. પરંતુ આધુનિક યુગની યુવતીઓએ સાડી પ્રત્યે સુગ વધી રહી છે. તેમાંનાં સીધી મોટો લાભ એ છે કે, પાતળી યુવતીઓને જ સાડી સારી લાગે છે. જો કે સાડીઓને વિવિધ રીતનો પહેરીને તમે સ્ટાઈલીશ દેખાઈ શકો છો.

નવેમ્બર ૨૦૧૮માં યોજાયેલી મેરેથોનમાં સહેરની ૨૦ વર્ષની વય વટ્યાં ૮ મહિલાઓ નવરાત્રી સાડી પહેરીની દોડી હતી. ગયે મહિલાઓ પણે રોજિંદા કાર્યોમાં યુનિફોર્મ હોવા છતાં સાડી પહેરીને જ કામ કરે છે અને તે કહે છે સાડી પહેરીને કામ કરવું સરળ પડે છે.

ઈતિહાસ તરફ નજર કરીએ તો અખાડામાં તલવારબાજી, મલખમ શીખવા આવતી મહિલાઓ નવરાત્રી સાડી પહેરીને જ દાવ શીખતી હોય છે.

સાડીની વાત આવે તો કચ્છી બાંધણી અને ગુજરાતના પાટણા પટોળા કેમ ભુલાય...

પટોળા એ સામાન્ય રીતે રેશમમાંથી વણાટ કરીને બનાવવામાં આવતી સાડી છે. જે પાટણ, ગુજરાતમાં બનાવવામાં આવે છે. પટોળા એ બહુવરાન છે, જ્યારે એકવરનમાં તેને પટોળું કહેવામાં આવે છે. અત્યંત નીચા એંશે આ પટોળા મારા રાજવી અને ઉંચા કુટુંબોમાં જ પહેરવામાં આવતા હતા. મખમલ પટોળા ગૂરનમાં પણ બનાવવામાં આવે છે. પાટણના પ્રખ્યાત પટોળા સાડી બનાવતા મારા જુજ કારીગરો જ હવે રહ્યા છે.

હવેનું માનવામાં આવે છે કે ૧૨મી સદીમાં સાલવી લોકો ગુજરાત, માળવા અને દક્ષિણ રાજસ્થાનમાં શાસન કરતા સોલંકી વંશની છત્રછાયા માટે ગુજરાતમાં સ્થળાંતર કર્યું ત્યારે પટોળાની શરૂઆત થઈ તો બીજા તરફ બાંધણીની વાત કરીએ તો છઠ્ઠી સદીના ચિત્રોમાં સીધી લંબ વ્યાપક પ્રકારના બાંધણી બિંદુઓં સૌથી પહેલું ઉદાહરણ જોઈ શકાય છે. આ કળાનો ઉલ્લેખ એલેકઝાન્ડર ધ ગ્રેટ ઠાઠમ પ્રંથોમાં બારનના સૂંદર મૂર્તિત કપાસ વિશે જોવા મળે છે.

ઐતિહાસિક કંથોના પુરાવા મુજબ, બાના ભટ્ટના હર્ષચરિત સમયે શાહી લગ્નમાં પ્રથમ બાંધણી સાડી પહેરવામાં આવી હતી. બાંધણી સાડી કે જેને "બંધની સાડી" તરીકે પણ ઓળખવામાં આવે તે કે ખાસ કરીને ગુજરાત અને રાજસ્થાનમાં જોવા મળે છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર પ્રમાણે બાંધેજ સાડીની પેટર્ન અલગ-અલગ હોઈ શકે છે.

પેથાપુર, માંડવી, ભુજ, અંજાર, જામનગર, જેતપુર, પોરબંદર, રાજકોટ, ઉંઝેપુર, જરપપુર, અજરેર, બિકાનેર, સુરત વગેરેમાં બાંધેજની સુંદર જોતો બનાવવામાં આવે છે. જેની આજે પણ ખાસ ડીમાન્ડ છે

અવસાન નોંધ

તા.તારીખ 22/12/2023
સ્વઃ રામજીભાઈ ડિલકરાભાઈ ગુરૂવાણી
સ્વઃ મોનજીભાઈ ડીલકભાઈ લાડીયા ઉંમર વર્ષ૮૦, ૬સભ્યો ગામ. નખત્રાણા, નવાયાર હાલે બાબુભાઇ પાલવા, ચેન્નોર

તા.તારીખ 23/12/2023
સ્વઃ રતનશીભાઈ પચાણભાઈ પુંજણી ઉંમર વર્ષ૭૩, ૬સભ્યો ગામ નખત્રાણા, નવાયાર (ત્યાર્તિક)
સ્વઃ વસંતશીભેન વરસુણભાઈ નાકરાણી ઉંમર વર્ષ ૬૦, ૬સભ્યો ગામ નખત્રાણા, હાલે માર્ગેચાર (મહારાષ્ટ્ર)

ઈયલકરંજી યુવા મંડળ શ્રીરામ અક્ષતા મંગળ કળશ શોભાયાત્રામાં સહભાગી થયાં (DMG)

દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન મહાલક્ષ્મી વિભાગ ઈયલકરંજી માં 22 ડિસેમ્બરના વિષ્ણ હિન્દુ પરિષદ આયોજીત પ્રભુ શ્રીરામ અક્ષતા મંગલ કળશ યાત્રા ભવ્ય યાત્રા રાખવામાં આવેલ હતી.

જેમાં ઈયલકરંજીના સમાજની ત્રણેય પાંખોના સભ્યો તેમજ આપણા હિન્દુ ભાઈઓ તથા બહેનો આ ધર્મ જાગૃતિ અભિયાનમાં હાજરી આપીને શોભાયાત્રાની શોભા વધારી હતી.

યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા શોભાયાત્રામાં આવેલ સર્વે ભાઈ-બહેનો તથા વડીલોને ખુરૂસ અને પેણી આપીને ઘાર્મિક અને સામાજિક કાર્યોની શોભા વધારી હતી.

PRO-પ્રચાર પ્રસાર- હર્ષ ચૌહાણ

અક્ષત અભિયાન - વરણગાવ નગર (મહારાષ્ટ્ર)

ભગવાન શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાના નિમંત્રણ સ્વરૂપે અયોધ્યાથી અક્ષત પુજિત અક્ષત (ચોખા) ઘરોઘર પહોંચાડવા અભિયાન સ્વરૂપે 23 ડિસેમ્બરના શ્રીરામ મંદિર વરણગાવ મધ્યે આરતી નું સૌભાગ્ય જોતેન્દ્રભાઈ ડુંગરાણી, નંખત્રાણા વાળાને મળેલ અને વરણગાવ સમાજના ભાઈઓ મોઠનભાઈ ભગત, મનોજભાઈ ભગત, વસંતભાઈ ભગત, ડાયાભાઈ રામાણી, મણિલાલ કેશરાણી, દેવશીભાઈ રવાણી તેમજ આયોજન મંડલ વરણગાવ સમાજ અને મહિલા મંડળના સભ્યોના સહકાર દ્વારા આયોજનમાં ખૂબ ઉત્સાહથી જોડાઈ અને ભગવાન શ્રીરામ મંદિર અયોધ્યાના સૌભાગ્યરૂપી નિમંત્રણ સ્વીકારવામાં સહભાગી થયા.

ગેરટી રાજકારણ પણ કોંગ્રેસના પણે રહ્યું
તેલંગાણામાં કોંગ્રેસ વિજયના પાંચ કારણો, KCR જમીન પર આવ્યા
કેસીઆર વિરુદ્ધના એંટિ ઈન્કમન્સી મોજાંનો લાભ મેળવી કોંગ્રેસ રાજ્યમાં મોખરાના સ્થાન પહોંચી
ત્રણથી ચ્યાર...
તેલંગાણા વિધાનસભા ચૂંટણીમાં બહુમતી ધરાવતા કુલ ૧૧૯ બેઠકો પૈકીની ૬૪ બેઠકો જીતીને કોંગ્રેસે પ્રચંડ બહુમતી મેળવી લીધી છે. ૧૦૬ બેઠકોની પ્રચંડ બહુમતી ધરાવતા ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) ૩૯ બેઠકો પર વિજય મેળવી શક્યો છે. ભારતીય જનતા પક્ષ (BJP) ૮ બેઠકો પર વિજય મેળવી શક્યો છે. ઓલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) ૭ બેઠકો પર વિજય મેળવી શક્યો છે. તેલંગાણા રાજ્ય વાસ્તવમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનું ગૃહ રાજ્ય છે. તેલંગાણા રાજ્યમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની પ્રતિષ્ઠા દાંવ પર હતી. તેલંગાણા રાજ્યમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની પ્રતિષ્ઠા દાંવ પર હતી અને તેઓ પોતાની પ્રતિષ્ઠા જાળવવામાં સફળ રહ્યા છે.
કોંગ્રેસની જીત ૨ જોકરી ૧ મજાક
કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ તેલંગાણા રાજ્યમાં કોંગ્રેસની જીત પર ટ્વીટ કરી કહ્યું કે, "